વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર


# અનસૂયા

વર્ષ - ૪૧ : અંક - ૧૪ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ-૨૨, ૨૦૨૩

# બાંધકામ મજુરોનું બદલાતું બજાર

શેરબજારની સૌ વાત કરે, ઝવેરી બજારની સૌ ચિંતા કરે, પરંતુ મજુર બજાર? કોઈને પરવા નહીં. મજુર બજાર સમજવા જેવું છે.

બાંધકામક્ષેત્રની વાત કરું તો પહેલા બાંધકામમાં કામ કરતાં સ્થાનિક કામદારો હતાં, હવે ધીમે-ધીમે પ્રવાસી મજુરો ખૂબ વધતાં ગયા છે. સ્થાનિક કામદારો પોતાનું ગુજરાન ચલાવવા બીજા ધંધામાં જોડાઈ જાય છે. આ પ્રવાસી મજુરો મોટા ભાગે કુટુંબની સાથે કામ કરે છે. સાઈટ પર જગ્યા હોય તો કાચા ઝૂંપડા બનાવી અને જ્યાં જગ્યા ના હોય ત્યાં તેમના કોન્ટ્રાક્ટર ખુલ્લી જગ્યા રાખે ને ત્યાં પ્લાસ્ટિકની તાડપત્રી બાંધીને રહે છે. વળી, ખુલ્લી જગ્યા ભાડાની હોય એટલે દરેક કામદારો પાસેથી ૮૦૦ રૂ. મહિનાનું ભાડું કોન્ટ્રાક્ટર તેમની મજુરીમાંથી કાપી લે.



**પ્રવાસી બાંધકામ કામદારોની વસાહતમાનું એક રહેઠાણ**

ત્યાં પીવાનાં પાણી કે ન્હાવાનાં પાણીની સગવડ હોય જ નહીં. સંડાસ બાથરૂમની તો વાત જ શું કરીએ? ક્યાંથી હોય! રાતે લુખ્ખા આંટા મારે. ખુલ્લા પ્લોટમાં પોતાના છાપરા આગળ સાડીના પડદા બાંધીને ન્હાવાનું કે કપડાં ધોવાનું કામ કરે. પાણી ભરવા માટે દૂર કે ખાનગી બંગલામાં જાય. આજુ-બાજુમાં કરીયાણાની દુકાનમાંથી કરિયાણું ખરીદે. એ દુકાનદારે ડંકી મુકાવી તો ત્યાંથી ભરી લાવે પણ, જો દુકાનદારની દુકાનમાંથી ખરીદી ના કરી હોય તો દુકાનદાર પાણી ના ભરવા દે!



**પાણીની યે સગવડ દુર્લભ**

વળી, લાઈટની પણ સગવડ નહીં. તો મોબાઈલ ચાર્જ કરવા એ જ દુકાનમાં પાણી ભરવા જાય ત્યારે મોબાઈલ ચાર્જ કરવા મળે. દિવસના ચોવીસ કલાક ખુલ્લામાં સૂતા હોય તોય ઘણા બધાની નજર. બાંધકામ મજુર બજારમાં સ્થાનિક અને પ્રવાસી મજુરની સંખ્યા વારંવાર અને મોટા પ્રમાણમાં બદલાઈ રહી છે.

આ કામદારોના બાળકો એ પૂરતા કપડાં પણ પહેરેલાં ના હોય અને માટીમાં રમ્યા કરે જેથી તેમનું આરોગ્ય પણ સચવાતું નથી. ભણતર મીંડું. ખાસ કરીને આ કામદાર બહેનો સગર્ભા હોય છતાં પુરા દિવસો સુધી કામ કરે. આ પ્રવાસી મજુરોને એ ખબર જ હોતી નથી કે, અમારા માટે કાયદો છે. તેમની સામજિક સુરક્ષામાં વેલ્ફેર બોર્ડ છે. તેમાંથી ઘણી બધી સામાજિક સુરક્ષા અને યોજનાઓ પ્રમાણે સહાય મળે છે તેમાં, પ્રસુતિ સહાયની યોજના પ્રમાણે ૨૭૦૦૦/- રૂ. મળે છે. એટલે ખરેખર બાંધકામ કામદારો વંચિત રહી જાય છે. સેવાએ આ શ્રમજીવી બાંધકામ પ્રવાસી મજુરોનું સંગઠન શરુ કર્યું અને શરુઆત જાગૃતતાથી કરી. આ માટે, પત્રિકા ને પોસ્ટરો છપાવીને કડિયાનાકા તેમજ બાંધકામ સાઈટ પર લગાવ્યા જેના થકી મજુરોમાં જાગૃતિ આવે. આ કામદારોને કામમાં ઘણી મુશ્કેલીઓ પડે છે જેવી કે, કામના કલાક વધારે હોય ને મજુરી ઓછી મળે, ધક્કા પડે અને અઠવાડિયે રોકડી આપે. જયારે હોળી આવે એટલે હિસાબ કરે, તેમાં પણ અમુક પૈસા ભૂલવાડી દે. દર અઠવાડિયે રોકડી આપે તેમાંથી આ કામદારો રાશન લાવી ગુજારો ચલાવે. કોઈ જગ્યા પર તો રોજ રોકડી પણ આપે, તો રોજે રોજ લાવીને ચુલા સળગાવે. ચૂલામાં સળગાવવાના લાકડા પણ સાઈટ પર કે રસ્તામાંથી વીંણતા આવે. જે લોકો દૂરની સાઈટવાળા હોય તે આ રીતે કરે.

શહેરમાં ચાલતી સાઈટ પર કામ કરતાં પ્રવાસી કામદારોને તો લાકડા વેચાણથી લાવવા પડે. સવારે કામે જાય પણ ચિંતા તો જીવન જરૂરિયાતની ચીજો લાવવાની છે તે મગજમાં ઘૂમતી જ હોય ! આ કામદારો જીવન જીવવા માટે ઘણા સંઘર્ષો કરે છે. એમના બાળકો માટે કંઈ વિચારી શકતા નથી. એમને ભણવા પણ ક્યાં મુકે? એક સાઈટ છ મહિના ચાલે. પછી બીજી સાઈટ પર કામે જવાનું

હોય એટલે તેમના રહેવાના ઠેકાણા ના હોય, તેથી તેમના બાળકો ભણતરથી વંચિત રહી જાય છે. ૧૨થી ૧૪ વર્ષના એ બાળકો પણ સાઈટમાં કામ કરતાં થઇ જાય છે. હજુ પણ આ પરપ્રાંતિમાં બાળ લગ્ન થાય છે. ૧૨-૧૩ વર્ષની દીકરીઓના લગ્ન કરે છે. વસ્ત્રાલ વિસ્તારમાં પરપ્રાંતિની વસાહતમાં એક મિટીંગ કરવા ગયા હતાં. ત્યાં એક બહેનની ઉંમર ૧૫ વર્ષની હતી અમે તેનું એક બાળક તેની જોડે ઉભેલું અને બીજું તેના ખોળામાં હતું અને ત્રીજું પેટમાં. હવે આટલી નાની ઉંમરમાં બાળકો થાય એટલે તેમના શરીર ચુસાઈ જ જાય ને ! આ બહેન સાઈટ પર કામ કરતી હોય ત્યારે એક બાળક રેતમાં રમે બીજું ઘોડિયે ઝૂલે ને ત્રીજું પેટમાં ! આ બહેનોને સંગઠિત કરીને ઘણું કામ કરવાનું બાકી છે. આવી મહેનતથી અમદાવાદ બંધાય છે. આવી મજૂરીથી દેશ આગળ ચાલે છે. સમાજ ભૂલી જાય છે. અર્થકારણ ભૂલી જાય છે. ગરીબની પ્રામાણિક મહેનતનું કોઈ સ્થાન સમાજ કે બજારમાં છે ? બાંધકામ મજુર બજારમાં યુવાન અને નવી માતા બનેલી મજુર બહેનોની સંખ્યા વધે છે. સગર્ભા મજુર બહેનોની સંખ્યા વધે છે.



**મહેનતભર્યું ભારે કામ**

બીજી વાત કરું તો, આ બહેનોને જયારે માસિક આવે ત્યારે બહુ હેરાન થાય છે. તેઓ માસિકના માટે પેડ કે ટાઇમ પીસ માટેના કપડાનો ઉપયોગ કરતી નથી. તેઓ મોટા કપડાનો કાછડો મારીને પહેરે. તેને ધોવા સૂકવવાની પણ તકલીફ પડે. કામ કરતાં બેન કહે, અમે રાત્રે ધોઈને સુક્વીએ સવારે આદમી ઊઠે એ પહેલા લઇ લેવા પડે ! મિટીંગમાં જમુબેન કહે, હું દસ સુધી ભણેલી છું પણ, અમારે તો મજુરી જ કરવાની ! અહી કડિયાકામ. અને ગામડે જઈ એ તો ખેતમજુર બની જઈએ. અમારી સમાજમાં એવું કે, જે ગામડામાં સ્થાનિક રહે તે દાદા-દાદી હોય અને બાળકોને સાચવે. એટલે ગામડામાં રાખેલાં બાળકો ભણી શકે છે પણ જેને કોઈ બાળકો રાખનાર ના હોય તે માતા-પિતા બાળકો ને સાથે લઈને મજુરી કરવા એક સાઈટથી બીજી સાઈટ, એક શહેરથી બીજા શહેર જાય. આથી અમારા જેવા મજુરો બાળકોને ભણાવી શકતાં નથી. આવા બાળકો માટે આપણે વસ્ત્રાલમાં સરકારી સ્કૂલમાં પ્રિન્સીપાલને મળ્યા અને તેમના એડમીનશન માટે વાત કરી. પ્રિન્સીપાલ કહે, અમે પોતે ઝૂંપડપટ્ટીમાં જઇને સાત બાળકોને એડમીશન આપેલા. ત્રણ બાળકો પહેલા ધોરણમાં, બે બાળકો ચોથા ધોરણમાં, બે બાળકો પાંચમાં ધોરણમાં. સતત ૬ મહિના ભણવા આવ્યા અને પછી એ બાળકોના માતા-પિતાને નારોલ સાઈટ પર કામ મળ્યું. ત્યાં કામ કરવા ગયા તો તેમનું ભણતર અધૂરું રહ્યું. બાંધકામ મજૂર બજાર બજાર અભણ ને અભણ રાખે છે. દેશ આગળ વધે પણ મજૂર હોય ત્યાં અભણ અવસ્થામાં શકે છે.

આ પ્રવાસી મજુરો ગુજરાતમાં બિહાર, ઝારખંડ, રાજસ્થાન, યુ.પી, ઓરિસ્સા, છત્તીસગઢ, આસામ, દિલ્હી, હરિયાણા એમાં ખાસ કરીને ગુજરાતના દાહોદ, ગોધરાના જોવા મળે છે.

આ બધા કામદારો માટે;

૧. ઘરની સુવિધા જે ફોલ્ડીંગ ઘર મળે છે તે મળે

૨. બાળકોને ભણવા માટે મોબાઈલની સ્કુલ

૩. પીવાના અને ન્હાવા-ધોવાના પાણીની સગવડ

૪. વીજળીની સુવિધા હોવી જોઈએ

૫. આરોગ્ય માટે મોબાઈલની સુવિધા સાઈટ પર ને વસાહતમાં

૬. વેલ્ફેર બોર્ડમાં જે જમવાનું આવે છે તેમાંથી મોબાઈલવાનથી જમવાનું પુરું પાડવાનું.

આવી માંગણી બહાર આવી છે. આ માંગવું વધારે છે ? વ્યાજબી નથી ? આઝાદીનો લાભ આ બહેનોને કેમ મળે ? મજૂરોને કેમ મળે ?

આટલી સુવિધા પ્રવાસી મજુરોને મળે તો તેમના બાંધકામ કામદાર બોર્ડમાંથી જીવનમાં સુધારો આવે. બાળકો ભણે તો તેમના ભવિષ્ય સુધરે, આરોગ્ય સુધરે અને બાળકો રેતીમાં રખડતા બંધ થાય. પ્રવાસી મજુરોને જાગૃત કરવા માટે આપણે ઝુંબેશ ચાલુ કરી છે. સરકારી યોજનાઓ સાથે જોડાણ કરવાનું શરુ કર્યું છે. બાંધકામ કામદારોની બોર્ડમાં નોંધણી કરાવવાની ઝુંબેશ ચાલુ કરી જ લીધી છે. સાઈટના એન્જિનિયર કે સુપરવાઈઝરને સમજાવીએ છીએ કે, તમે આ બિલ્ડીંગ બનાવો છો તેનો પ્લાન પાસ કરાવવો પડે ને સરકારમાં તમારા પ્રોજેક્ટની કુલ કિંમતના ૧% રકમ જમા કરાવવી પડે છે તે રકમ બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડમાં આપે છે જેમાંથી, આ કામદારો માટે વિવિધ સામાજિક સુરક્ષાની યોજનાઓ ચાલે છે તો, આ તમારા જ રૂપિયાથી બાંધકામ બોર્ડમાં યોજનાઓ ચાલે છે તેનો લાભ તમારા ત્યાં સાઈટ ઉપર કામ કરતાં કામદારો લે તે, કેટલું બધું ફાયદાદાયી છે. આની સમજ માટે પોસ્ટર અને પત્રિકાઓ હિંદી/ગુજરાતીમાં તૈયાર કરી છે તે આપીએ અને ત્યારપછી તે બદલાય... તેઓ કહે, બહેન, પોસ્ટર લગાવો અમારી સાઈટ પર તમે આવો અને આ બધા કામદારોનું બાંધકામ બોર્ડમાં રજીસ્ટ્રેશન કરાવડાવો અમે બધાના આધાર કાર્ડ મંગાવી દઈશું. ત્યારબાદ આપણે તેમની નોંધણી કરાવવાનું શરુ કર્યું. આશરે ૩૦ સાઈટો પર ને વસાહતમાં વસતાં ૭૦૦ બહેનો અને ભાઈઓની નોંધણી કરાવી. તેમાં નરોડા વિસ્તારની સાઈટ પર રાજસ્થાનના ભાઈને અકસ્માત થયેલ તે ત્યાં જ ગુજરી ગયા. તેમની લાશ ગામડે લઈ ગયા. ત્યાં બધી વીધી કરી હતી. આની વાત જાણવા બીજા પ્રવાસી મજુરો જે સુતરના કારખાનાના કડિયાનાકા પર હોય છે ત્યાં ગયા. નાકાના આગેવાન રમેશભાઈએ કહ્યું કે, એ ભાઈ ગોવિંદવાડી મણીનગરની સાઈટ પર કામ કરતાં ત્યાં જ પડી ગયા હતા. કોન્ટ્રાક્ટર કહે કે, આ ભાઈ પાંચ જ દિવસથી કામે આવ્યા છે તો હું કઈ આપીશ નહિ. પછી બધા નાકાના આગેવાનો ભેગા થયા અને કોન્ટ્રાક્ટરને કહ્યું કે, તમે પૈસા આપો ! તો જ આ ભાઈને દવાખાને લઈ જવાશે અને કોન્ટ્રાક્ટરો ૫૦ હજાર આપ્યા એમને સિવિલ હોસ્પિટલ લઈ ગયા ત્યાં ટ્રોમા સેન્ટરમાં દાખલા કર્યા અને સાંજે ૫-૪૫ વાગે તેમનું મૃત્યુ જાહેર કર્યું. આગેવાનોએ પોસ્ટમોટમ કરાવી લાશને ખટારો ભાડે કરી તેમના સંબધીઓ હતા તે ગામ જલીમપુરા તા. સજનગઢ, જિલ્લો બાંસવાડા. રાજસ્થાનમાં પહોંચાડ્યા આ ભાઈની બોર્ડમાં નોંધણી કરાવેલી ન હતી પણ, ત્રણ લાખ તો મળે તેમ હતું. અમે બધા કાગળો ભેગા કર્યા. પી.એમ.રીપોર્ટ, પોલીસ પંચનામું લઈને આગેવાનો સાથે અમે બાંધકામ બોર્ડને જણાવ્યું કે, તમને આ ભાઈના ૩ લાખ રૂપિયા મળશે. પેઢીનામું કરાવી લાવો, ગામના તલાટીનું લખાણ લેતા આવો તો ૧ મહિનામાં ૩ લાખની સહાય મળી જશે. તેમના જમાઈ ગામડે ગયા ત્યાં પેઢી નામ માટે ત્યાં કોઈ સપોર્ટ નહોતું કરતું તો ત્યાંથી બોર્ડના અધિકારીએ સમજ આપી અને પછી પેઢીનામું થયું. બધા કાગળો પુરાં કરતાં એક મહિનો થઇ ગયો. પછી આપણા સંગઠક કંચનબહેન અને નયનાબહેન બોર્ડમાં સતત ફોલોઅપ કરતાં રહ્યાં અને છેલ્લે તા.૧૮/૫/૨૩ ના રોજ રાજેશભાઈનો ૩ લાખનો ચેક બોર્ડમાંથી મળ્યો ત્યારે અમને સહુને 'હાશ' થઈ. જાણે અમને સૌને ત્રણ લાખ મળ્યા. ક્યારે દરેક મૃત મજુરના પરિવારને આવા પૈસા મળશે? એક ખટકો તો મનમાં રહી જ ગયો કે, મૃત્યુ પામેલા ભાઈની બાંધકામ બોર્ડમાં નોંધણી કરાવેલી હોત તો, તેમના કુટુંબીજનોને ત્રણ લાખના બદલે પાંચ લાખ મળતા પણ, આ બનાવ પછી મનમાં એક ગાંઠ મારી કે,

સંગઠનનો વ્યાપ વધારીએ અને જેટલાં સંગઠનમાં પ્રવાસી બાંધકામ કામદારો જોડાય તે સહુની નોંધણી બાંધકામ બોર્ડમાં થવી જ જોઈએ. જીવતા રોજી અને અકસ્માતમાં વળતર સૌને મળવું જોઈએ. બાંધકામ મજુર બજારમાં પોતાના હક્કના પૈસા અને વળતર મજુરોને આપવા હોય તો સરકાર આપી શકે છે.

**- રમીલા**

❑

## શ્રમજીવી બહેનોની દીકરી-દીકરાઓ તાજ ના રસોડે

ગાંધીનગરમાં શરુ થયેલ તાજમાં શેફ બનીને અવનવી વાનગી પીરસી રહી છે. સેવાની બીજી પેઢી. આ વાત છે બહેરામપુરામાં રહેતા યોગિતાબેનની...

યોગીતાબેન નિતેશભાઈ ક્રિશ્ચિયન – પતંગ કામદારની દીકરી, નાની ઉમરે લગ્ન થયા અને બે બાળકોની માતા બની ગયા. પતિને એચ.આઈ.વી. થયો પણ હિંમતથી સારવાર કરાવી પતિને સાજા કર્યા. પતિ સાજા થઇ જતાં પતિએ ૧૩ લાખનું દેવું કર્યું અને યોગીતાબેનને બે બાળકો સાથે ઘરમાંથી કાઢી મુક્યા.... યોગીતાબેનમાં રસોઈની કળા હતી. ટીફીન બનાવવાના શરુ કર્યા. ફરી બીજા લગ્ન થયા પણ ત્યાં પણ તેમનું લગ્નજીવન વધુ ટક્યું નહિ. બે લગ્ન કરવા છતાંય લગ્નસુખ ના મળ્યું. યોગીતાબેનના ગર્ભાશયમાં ડોકટરે આંઠ ગાંઠ બતાવી, ટીફીનનું કામ કરતા કરતાં તેમણે આની સારવાર શરુ કરી. બાળકોને ભણાવવા, સારવાર આ બધા માટે દેવું થઇ ગયું. આ બધું માત્ર ટીફીનની આવકમાં કેવી રીતે પૂરું થાય? આ ચિંતા હંમેશા તેમને સતાવતી. તે કામ હંમેશા શોધતાં જ રહે. સેવા શાંતિપથ સેન્ટર કે જે સભ્યોના વિસ્તારોમાં જે અહીંના ભણતર, કોમ્પ્યુટર તાલીમ, વેલનેસનું કામ થાય છે ત્યાં તેઓ જતા'તા અને એક રોજગારીની તક આવી. ટાટા કંપનીએ શેફની તાલીમ શરુ કરી જે તેમની 'તાજ' હોટલ માટે હતી. આ તાલીમની જાણકારીની માટેની મિટીંગ હતી તેમાં તેઓ બેઠાં. આ ત્રણ મહિનાનો કોર્સ હતો તે જાણ્યું ફી હતી ૧૫૦૦૦/- રૂ. ત્રણ મહિનાના. મુંઝાયા યોગીતાબેન... પણ, પોતાની મૂંઝવણની તેમણે ચર્ચા કરી અને રસ્તો નીકળ્યો... ૩ મહિનાની ફી ૧૫૦૦ ભરવા માટે રસ્તો હતો કે આં તાલીમ દરમ્યાન જ ઈન્ટર્નશીપ માટે રોજ અમુક કલાક કામ કરવાનું અને તેમાંથી જે આવક થાય તેમાંથી તાલીમ ફી ભરવાની. આ યોગિતાબેનને યોગ્ય લાગ્યું અને આ શેફની તાલીમના ૧૦૦૦ રૂપિયા ભરી એડમીશન લીધું. ૩ મહિનાની તાલીમ... શરીરમાં આંઠ ગાંઠોની પીડા.... માસિકના દિવસોમાં થતો સ્રાવ... આ બધા સામે ૩ મહિના ઝઝૂમ્યા શેફની પેન્ટ્રી સ્કીલની તાલીમ પૂરી કરી. સતત ૩ મહિના રોજ શહેરની પ્રખ્યાત હોટલ પ્રાઈડ, તાજ સ્કાયનોવોટેલ, લોલો રોસો કાફેમાં ઈન્ટર્નશીપ કરી. યોગીતાબેન સાથે ગોમતીપુરની પરમાનંદની ચાલીમાં રહેતા સાયરાબેન હતા. સાયરાબેન અને તેમના પરિવારને આ તાલીમ માટે સમજાવવા ૧ મહિનાની મહેનત રહી. સાયરાબેનને આ કોર્સમાં જોડાવવાનો ખૂબ રસ હતો રોજ સેવાના સમુત્થાન કેન્દ્રમાં આવે અને તાલીમની વાત માટે પૂછે. સિંધુ ભવન રોડ કેટલો દુર આવ્યો તે તેમની ચિંતા જોતા તેમના પરિવાર ને સમજાવ્યા. જે સાયરાબેન ઘરની બહાર કે સારંગપુર સુધી નહોતા જતા તે સાયરાબેન આજે તાલીમ પછી ગાંધીનગર આવેલ તાજમાં રોજ જઈ રહ્યાં છે. આ તાલીમની વાત કહું, તો , સિંધુ ભવનની તાજ સ્કાય હોટલમાં ૩ મહિના ટાટા ગ્રુપ દ્વારા આપવામાં આવી. જેમાં આપણા ૫ , ભ્યોએ ભાગ લીધો. સેવાના ૫ તાલીમાર્થી માટે આપણે ટાટા ગ્રુપમાં વાત કરી અને તેમને લેવા મૂકવા માટે નાની ગાડીની પણ વ્યવસ્થા કરાવી. એવી તો કેટલીય રાત હતી કે રાતે મોડું થતા યોગિતા બેન અને સાયરાબેનને હોટલ તાજની ગાડી ઘરે મૂકવા જતી. બહેનોને હાશ થયું. આ માત્ર ગાડીની વાત નથી આનાથી જ પરિવાર અને આજુ બાજુના લોકોમાં પણ હિંમત અને વિશ્વાસ કેળવાયો. આ કોર્સ પૂરો થતા આ તાલીમ માટે જે સેવાના સાથીઓએ મહેનત કરી હતી તેમને તાજમાં બોલાવ્યા અને સેવાની તાલીમાર્થી શેફની અલગ અલગ કુલ ૫૦થી વધારે ડીશ ટેસ્ટ કરાવી. કેટલીક ડીશના નામ તો અમારે લખીને યાદ રાખવા પડ્યા ! શેફની તાલીમ સાથે ડીશ બનાવવાની રેસીપી પણ ૩ ભાષામાં બોલીને સમજાવ્યું... ૩ મહિના પછી આનંદનો પાર ના રહ્યો... માત્ર શેફ દ્વારા રસોઈની કળા નહીં પણ બોલવાની પદ્ધતિ, સ્વચ્છતા તેમજ બીજી ભાષા પણ શીખ્યા. મુશ્કેલીઓ તો કેટલીયે રહી, અંતે ખુશી એ છે કે, સભ્યોને પણ હવે સ્વમાનભેર કાયમી રોજી મળી રહે.

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

૧૦૯, સાકાર-૨, પહેલો માળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨

ઇ-મેલ : mail@sewabank.com • વેબસાઇટ : www.sewabank.com

## ઉધમી મહિલાઓ

## આપના ધંધાને નવી ઉંચાઇએ પહોંચાડો
## સેવા બેંકની નવી લોન યોજના સાથે જોડાવો







- તમારી સંપત્તી બનાવો
- યોગ્ય રીતે બચત કરો
- વિમા સાથે જોડાવો



તમારી વિવિધ
વ્યવસાયિક
જરૂરીયાતો માટે
૫ લાખ સુધીની
લોન મેળવો



એક કુશળ
વ્યવસાયિક
ઉધમી
મહિલા બનો

આવો... સાથે મળીને આપનો અને આપના ધંધાનો વિકાસ કરીએ

આવા રોજગારના જોડાણના કામ કરતી વખતે ઈલાબેનના શબ્દો હંમેશા યાદ આવે કે, આપણે તો જોડાણો ના કામ કરતા રહેવું એવા જોડાણના કામ કે જેનાથી સભ્યોની રોજગારી વધે.

સંગઠનના બળે બેનો ક્યાંય પણ પહોંચી શકે છે.

**- પૃથા**

❑

## સેવા સમાચાર

### 'શાંતિસદન'ની મુલાકાત

'શાંતિસદન', શહેરની મધ્યે આવેલી અને તેના નામ પ્રમાણે (શાંતિ) ની જગ્યા. અગાઉ ઘણીવાર આ જગ્યાની મુલાકાત લીધેલી, મુખ્યત્વે મોટાબેનની ગેલેરી જોવા માટે. જેટલીવાર પણ જઈએ ત્યારે કંઈક નવી શીખ અને જીવનમાં ઉતારવા લાયક મુલ્યો સાથે જ આ જગ્યાથી બહાર નીકળેલા.

હાલમાં ફરી એક વાર 'શાંતિસદન'ની મુલાકાત લેવાની તક મળી. પણ, આ વખતે કંઈક નવું અને વધુ ઉત્સુકતા જગાડે એવું જોવા મળ્યું. ચેન્જમેકર્સ (Changemakers), એક એવું પ્રદર્શન જે અમુક એવી મહિલાઓને શ્રદ્ધાંજલિ આપે છે, જેમણે ૧૦૦ વર્ષ અગાઉ સામાજિક પરિવર્તન વિષે વિચાર્યું અને તેને લાવવા માટે અથાગ પ્રયત્નો અને જુસ્સાભેર કામ કર્યું. આ પ્રદર્શનમાં આવી ચેન્જમેકર્સ મહિલાઓ વિષે જાણવા અને તેમણે ૧૮૦૦ અને ૧૯૦૦ના વર્ષોમાં સામાજિક બદલાવો લાવવા કરેલા કામો વિષેની માહિતી ચિત્રો, લખાણ અને વિડીયોના સ્વરૂપમાં જોવા મળી. ખાસ કરીને આપણા 'સેવા'ના સ્થાપક ઇલાબહેનની ભૂમિકા આ સામાજિક પરિવર્તનમાં કેટલી અગત્યતા ધરાવે છે તેની સમજ મળી. આ પ્રદર્શનમાં બતાવવામાં આવેલ ઇલાબહેનના વિડિયોમાં એમને જોઈ અને એમનો એ મધુર અવાજ સાંભળી એક અલગ પ્રકારની શાંતિ અને પ્રેરણાની અનુભૂતિ થઇ.

આ પ્રદર્શન જોતી વખતે દરેક લખાણ અને ચિત્રોના ફોટા કેમેરામાં લેવાનો પણ મોકો મળ્યો. આ ફોટાનો ઉપયોગ આ ચેન્જમેકર્સ એ કરેલા કામોની માહિતી અને મહત્વ આગળ બીજા ઘણા લોકો સુધી પહોંચાડવામાં મદદરૂપ થઇ શકશે. દર વખતની જેમ આ વખતે પણ 'શાંતિસદન'થી બહાર નીકળતા એક નવી શીખ અને અનુભવ આધારિત માર્ગદર્શન મળ્યું.

**–ઋષિ લહેરી**

❑

### ઉદ્યોગ સાહસિક

કોવિડ દરમ્યાન જે પણ સભ્ય બહેનો તેમના પતિ ગુમાવ્યા અને તેમનું અને તેમના પરિવારનું ગુજરાન ચલાવવું અસહ્ય બન્યું ત્યારે સેવા ગ્રામ મહિલા હાટ એ 'બહેનોની છત્રછાયા' નામનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમમાં જે પણ વિધવા બહેનો છે તેમને છાયાબહેન તરીકે ઓળખ આપી તેમને રોજગાર સાથે સાંકળી ને સ્વાવલંબી ઉદ્યોગ સાહસિક બનાવવાનો હેતુ હતો. આ કાર્યક્રમ મુખ્ય સેવાનાં ૫ જિલ્લામાં આણંદ, પાટણ, મહેસાણા, ધાંગધ્રા અને કચ્છ જિલ્લાના ૨૦-૨૦ છાયાબહેનો જેઓ ૨૪ થી ૫૦ વર્ષના જોડાયા. જેમાં મુખ્ય ખેતમજુર, મીઠા કામદાર અને ઘરેલું કામદારો જોડાયા. આ સભ્ય બહેનોને સેવા ગ્રામ મહિલા હાટ દ્વારા ઉદ્યોગ સાહસિક બનાવવા તેમની માંગ મુજબ 'રૂડી', 'કમલા', વણાટ, 'હરખી'ના ઉત્પાદન વેચાણ કરવા તાલીમ હાથ ધરવામાં આવી. આ કાર્યક્રમમાં ૧૦ જેટલી બહેનોને સિલાઇ મશીનની માંગ પણ હતી તો તેમને સેવા બેંક સાથે જોડયા અને સિલાઇ કામ કરી તેમની આજીવિકા થઇ. તેમના બાળકોનું ભરણપોષણ કરી શકે.

ધાંગધ્રા જિલ્લામાં દસાડા પાટડીનાં એક બહેનને તેમની નાની હોટલ હતી. જેમાં હોમશેફ તાલીમ આપી નાના ઉદ્યોગ થકી જરૂરિયાતનાં નાના મોટા સાધન સહાય આપી પગભરતાનાં ઉદ્યોગ સાહસિક પાઠ ભણાવ્યા.

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-7-23

**અનસૂયા**

- ૪૧માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'.
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-7-2023

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001